સંદેશ પાના નં.-૨૬
તા.૨૨.૧૨.૨૦૨૪

અમદાવાદ-ગાંધીનગર મેટ્રોમાં હાલ દક્ષિણ કોરિયાની ૩૨ મેટ્રો દોડી રહી છે

# નવા વર્ષે સચિવાલયના નવનિર્મિત રૂટમાં પ્રથમ સ્વદેશી મેટ્રો દોડશે

। અમદાવાદ ।

અમદાવાદને થોડા જ દિવસોમાં તેની પ્રથમ ' મેક ઈન ઈન્ડિયા' મેટ્રો ટ્રેન મળવા જઈ રહી છે ! જેને મેટ્રોના ફેઝ-૨ એટલેકે ગાંધીનગરના રૂટ પર દોડાવાશે. આગામી ૬ માસમાં કુલ ૧૦ મેક ઈન ઈન્ડિયાની મેટ્રો ટ્રેન અમદાવાદ-ગાંધીનગરમાં દોડતી થશે. મુખ્યમંત્રીએ કોલકાતામાં ટિટાગઢ રેલ સિસ્ટમ્સના અદ્યતન પ્લાન્ટની મુલાકાત લઈ અમદાવાદ મેટ્રો માટે તૈયાર થયેલી પ્રથમ સ્વદેશી ટ્રેનનું નિરિક્ષણ કર્યું હતું. ઉચ્ચ ગુણવત્તાના સ્ટેનલેસ સ્ટીલથી બનેલી મેટ્રોમાં અમદાવાદની સંસ્કૃતિ અને પરંપરાને પ્રતિબિંબિત કરતી રંગસજાવટ, ડિઝાઈન અપાઈ છે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રોમાં હાલ દક્ષિણ કોરિયાની ૩૨ મેટ્રો દોડી રહી છે. મેક ઈન ઈન્ડિયાવાળી આ ટ્રેન અંતિમ પરિક્ષણો અને સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી પ્રમાણપત્ર મળ્યા બાદ થોડા દિવસમાં અમદાવાદ આવી જશે. આ ટ્રેનને મોટેરાથી મહાત્મા મંદિર સુધી દોડાવાશે. હાલ મોટેરાથી સચિવાલય સુધી મેટ્રો દોડી રહી છે. આગામી જાન્યુઆરી ૨૦૨૬માં મેટ્રો સચિવાલયથી અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪ થઈને મહાત્મા મંદિર સુધી દોડતી થશે. સચિવાલયથી મહાત્મા મંદિર સુધીનો ૫.૫૫ કિ.મી.ની લંબાઈવાળો મેટ્રોનો એલિવેટેડ રૂટ તૈયાર થઈ ગયો છે. ગાંધીનગરમાં મેટ્રોના ફેઝ-૨માં મોટેરા સ્ટેડિયમથી સચિવાલય અને GNLUથી ગીફ્ટ સિટી સુધીના ૨૨.૭ કિ.મી.લાંબા એલિવેટેડ રૂટ પર કુલ ૧૭ સ્ટેશનો છે. જ્યારે સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો જાન્યુઆરીમાં જોડતી થશે ત્યારે નવા પાંચ સ્ટેશનો ઉમેરાશે. જેના અનુસંધાને અમદાવાદ-ગાંધીનગરમાં મેટ્રોના વિસ્તરણની યોજના બનાવાઈ છે. જેમાં ૮૨.૭૫ કિ.મી.નો નવો રૂટ ૨૫,૭૪૬ કરોડમાં બનાવવાની વિચારણા ચાલી રહી છે.



## સ્વદેશી મેટ્રોની વિશેષતા

- સંપૂર્ણ ડ્રાઇવરલેસ ટેકનોલોજી
- અદ્યતન સુરક્ષા સુવિધાઓ
- ઉચ્ચ ગુણવત્તાવાળુ સ્ટેનલેસ સ્ટીલનુ બોજી
- ઊર્જા કાર્યક્ષણ અને પર્યાવરણ અનુકુળ
- ભારતીય સંસ્કૃતિને પ્રતિબંધિત કરતી ડિઝાઇન

## અમદાવાદ-ગાંધીનગરમાં મેટ્રોનું ક્યા વિસ્તારોમાં વિસ્તરણ કરાશે ?

| રૂટ | લંબાઇ (કિ.મી.) | ખર્ચ (કરોડમાં) |
|---|---|---|
| ગિફ્ટ સિટી એક્સ્ટેન્શન | ૩.૩૩ | ૧,૦૬૭ |
| એરપોર્ટ મેટ્રો કનેક્ટિવિટી | ૬.૦૩ | ૨,૧૯૪ |
| થલતેજ ગામ-ગોધાવી | ૭.૦૭ | ૨,૮૨૫ |
| ગોધાવી-સાણંદ | ૮ | ૨,૪૦૦ |
| થલતેજ-સનાથલ | ૧૨.૪૫ | ૩,૭૩૫ |
| જીવરાજ, નારોલ, નરોડા, સિવિલ, શાહીબાગ, આરટીઓ | ૩૫.૭૪ | ૧૦,૬૭૫ |
| પાલડી, દાણીલીમડા, કાંકરિયા | ૯.૫ | ૨,૮૫૦ |
| કુલ | ૮૨.૭૫ | ૨૫,૭૪૬ |

(નોંધ: મેટ્રો રેલ દ્વારા ભવિષ્યને ધ્યાનમાં લઇ DPR તૈયાર કરી, મંજૂરી માટે મોકલાયો છે )